R.N.I.No. : 11555 / 1966
Price Rs. 1/-

# જ્યોતિપુંજ
# JYOTI PUNJ



Vol No. 63 - Issue No. 1
APRIL- 2019
Total - 40 Pages

## ઈશ્વરચંદ વિદ્યાસાગર - દયાનો સાગર

વિદ્યાસાગર રામપંથી, શિવપંથી, કૃષ્ણપંથી કે દુર્ગાપંથી નથી, માનવપંથી છે. ચડીદાસ કવિનું વચન છે કે સૌથી મોટું સત્ય માણસ, તેથી મોટું કોઈ સત્ય નહિ ! ભગવાન વ્યાસે પણ કહ્યું જ છે કે 'ન માનુષાત્ શ્રેષ્ઠતરમ્ હિ કિંચિત - માણસથી ચડિયાતું કંઈ જ નહી. તેવું જ વિદ્યાસાગરનું પણ વચન છે.' 'માનવીની સેવા એ પ્રભુની સેવા છે. ઈશ્વરને કોઈ આકાર નથી, એ ચૈતન્ય સ્વરૂપ છે. આપણે એને જોઈ શકતા નથી, પણ એ સદા સર્વત્ર હાજર છે. આપણે જે કરીએ તે એ જુએ છે. મનમાં પણ આપણે જે વિચારીએ તે એ જાણે છે. તે જીવ માત્રનો સર્જનહાર અને પાલક છે.'

દરેક પત્રની શરૂઆત તેઓ 'શ્રી હરી' થી કરતા. તેમનો એક શ્લોક ખૂબ જાણીતો છે.

'રમવાના દડા જેવા આ અદ્‌ભુત બ્રહ્માંડરૂપે જે પ્રગટ છે તે
અપાર મહિમાવાળા મહેશ્વરને હું પ્રણામ કરું છું. !

असीम महिमातं तं प्रणमामि महेश्वरम् ।

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૦૬-૨૦૧૯ - વધુ માહિતી પાના નંબર-૧૭**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રી વિપુલભાઈ તથા શ્રી સમીરભાઈ બાબુલાલ કડકીઆ
તરફથી શ્રી સમીરભાઈ તથા તેમના ધર્મપત્ની
શ્રીમતી રૂપલબેનની દીકરી કશની ના લગ્ન પ્રસંગે
રૂા. ૧૧,૦૦,૦૦૦/- ના માતબર દાનનું વચન પ્રાપ્ત થયું છે.
તે યોજનાનું નામ

**કુસુમબેન બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)**
**મેડીક્લેમ યોજના**

સંસ્થા તેમના પરિવાર તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

પ્રમુખ : શ્રી સૌમિલ મોદી    મંત્રી : શ્રી ભાવેશ મોદી

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૩ | ૧ | ૨૧-૦૪-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


**તંત્રી સ્થાનેથી**

# અનોખો આનંદ વિહાર

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**બર્ફીલા પહાડો અને ઘનઘોર જંગલ તમને સાદ પાડે છે !**
**પપ્પા, હું ટ્રેકીંગ કરવા મનાલી જવાનો છું, જવાનો છું, જવાનો છું.**

## ટ્રેકીંગ એટલે શું ?

ટ્રેકીંગ એટલે હરવું, ફરવું, વિહરવું. ટ્રેકીંગ માટે વપરાતો બીજો સામાન્ય શબ્દ એટલે હાઈકીંગ. ટ્રેકીંગનો મૂળ અર્થ એટલે પગપાળા ચાલવું. પરંતુ આ ચાલવું શેની માટે ? ક્યાં પહોંચવા ? ચાલતા ચાલતા બજાર કે ઓફિસમાં પહોંચવાનું ? વ્યાખ્યા પ્રમાણે તે સાચું, પણ આપણે વાત કરીવી છે કુદરતના ખોળે વિહરવું તે પ્રકારના ટ્રેકીંગની. કુદરતના ખોળે ચાલીએ એટલે સોનામાં સુગંધ ભળે. કુદરતી સૌંદર્યને માણતા માણતા પગપાળા ચાલીએ, વિહરીએ, આનંદ પામીએ, ઉત્સાહ પામીયે તે ટ્રેકીંગની આપણે આજે વાત કરીએ.

## ટ્રેકીંગના શબ્દાર્થમાં સામાન્ય ગૂંચ ક્યાં પ્રવર્તે છે ?

એક ખૂબ જ સામાન્ય ગૂંચવણ બે શબ્દો અને તેના અર્થમાં થાય છે. એક ટ્રેકીંગ અને બીજું પર્વતારોહણ (માઉન્ટેનીયરીંગ). ટ્રેકીંગ એટલે માઉન્ટેનીયરીંગ નહીં. પર્વતારોહકોને પર્વતની ટોચ સુધી પહોંચવું જ હોય છે, પછી ભલે ને તે માટેનો માર્ગ કે કેડી ત્યાં સુધી જતી ન હોય. ટ્રેકીંગનો વિશેષ અર્થ ચાલવું, પોઈંટ A થી પોઈંટ B સુધી પહોંચવું. પોંઈટ A થી પોઈંટ B સુધી પહોંચવાનો માર્ગ જંગલ, પહાડ, નાના મોટા ખેતર, નદી વગેરેમાંથી પસાર થતા હોય છે. ટ્રેકીંગનો અર્થ પર્વત ઉપર ચઢવું તે નથી થતો. બીજી બાજુ માઉન્ટેનીયરીંગનો અર્થ ફક્ત પર્વત ચઢવાના હોય છે.

ટ્રેકીંગમાં થોડે અંશે ચાલવું તેમજ થોડે ઘણે અંશે ચઢાણવાળી જગ્યાઓમાં ચઢવું. પર્વતારોહકોને પર્વત પર ચઢવા સ્પેશ્યલ સ્કીલ ની જરૂર રહે છે. જ્યારે ટ્રેકીંગવાળાની પાયાની જરૂરિયાત એટલે નિત્ય-નિયમિત ચાલવું.

ટ્રેકિંગ માટે શારિરીક સુસજ્જતા જરૂરી છે. જેને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર હોય તેવી વ્યક્તિઓએ અઘરું ટ્રેકીંગ ના કરવું. ટ્રેકીંગમાં જતા દરેકે દરેક પાર્ટિસિપેન્ટસે જે તે સંસ્થા નક્કી કરી હોય તેમાં ડૉક્ટરનું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ આપવું અનિવાર્ય છે. એનો અર્થ એ નથી કે તમારે નિયમિત જીમમાં જવું. જરૂરિયાત ફક્ત એટલી કે તમને ચઢાણ ચડવામાં તકલીફ ના થતી હોવી જોઈએ. તેના માટે તમે નિયમિત રૂપે ચલતા હો તે બસ છે.

## ટ્રેકીંગ અને YHAI

યુવાઓમાં ટુરીઝમ તેમજ એડવેન્ચર (સાહસવૃત્તિ) ભારતમાં ટ્રેકીંગ માટેના પ્રણેતા એટલે YHAI. પ્રકૃતિ પ્રત્યે લગાવ, વગેરે લાગણીઓ કેળવવાના હેતુથી ૧૯૧૨માં મિ. રિચર્ડ શર્મન, જર્મનીની એક શાળાના શિક્ષકે યુથ હોસ્ટેલ્સ મુવમેન્ટની શરૂઆત કરી. સમય જતાં આ પ્રવૃત્તિ વેગ પામી અને આ પ્રકારના યુથ હોસ્ટેલ્સ સમગ્ર વિશ્વભરમાં ફેલાઈ ગયા. YHAI એટલે **'યુથ હોસ્ટેલ્સ એસોસીયેશન ઓફ ઈન્ડીયા'**. ૧૯૪૫માં ભારતમાં સર્વ પ્રથમ યુથ હોસ્ટેલ શિમલામાં આકાર પામી. યુથ હોસ્ટેલનો મૂળ હેતુ હાઈકીંગ અને ટ્રેકીંગમાં રુચિ ધરાવતાં સાહસિકો, પ્રવાસીઓ માટે વ્યાજબી દરે ચોખ્ખી ચણાક, હાઈજેનીક અને આરામદાયક રહેવાની સગવડતા આપવી. સમયાંતરે યુથ હોસ્ટેલ્સ પોતે પણ આવી ટ્રેકીંગ અને હાઈકીંગના કાર્યક્રમો આયોજીત કરવા લાગ્યા.

એકદમ જડબેસલાક અને ત્રુટી રહિતના આયોજનને કારણે યુથ હોસ્ટેલ્સના ટ્રેકીંગ પ્રોગ્રામ્સ અત્યંત લોકપ્રિય થયા અને દિવસે દિવસે લોકચાહના પ્રાપ્ત કરતા ગયા, જે આજ સુધી અકબંધ છે. પ્રામાણિક અને સરાહનીય આયોજન બદલ ભારત સરકારે પણ YHAI ને પૂરેપૂરો સહકાર અને પ્રોત્સાહન આપ્યું છે.

વાંચકોની ઉત્કંઠા ને ધ્યાનમાં રાખીને તેમને પ્રોત્સાહન આપવા માટે, યુવાઓમાં સાહસવૃત્તિ ખીલવવા માટે અને કુદરતના ખોળે લઈ જવા માટે હું YHAI ના અમુક લોકપ્રિય ટ્રેકીંગ પ્રોગ્રામ્સ વિશે આપને માહિતગાર કરીશ.

## ટ્રેકીંગ માટેના વિધ વિધ સ્થળના ઉદાહરણ :

**❖ (૧) મનાલી - પર્વત અને બરફનો ટ્રેક :** મનાલી એ ટ્રેકીંગના સ્થળોનો રાજા છે. ખૂબ જ પ્રખ્યાત તેમજ સમગ્ર ભારતમાંથી બીજા ટ્રેકીંગ સ્થળ કરતાં વધારેમાં વધારે ટ્રેકર્સ અહીં આવવાનું પસંદ કરે છે. દેશના ખૂણે ખૂણે થી ટ્રેકર્સ મનાલી આવવા થનગનતા હોય છે.

મનાલીમાં જ ટ્રેકીંગ માટેના જુદા જુદા રુટસ્ છે. જેમાં સૌથી વિખ્યાત (જે YHAI - યુથ હોસ્ટેલ્સ એસોસિયેશન ઓફ ઈન્ડીયા દ્વારા સંચાલીત થાય છે.) સારપાસ (Sar Pass) અને ચંદેરખેની પાસ (Chanderkhani Pass) છે. આ બંને ટ્રેક્સ મે-જૂન મહિના દરમ્યાન સંચાલિત કરવામાં આવે છે. દરરોજ આ રુટમાં એક બેચમાં ૬૦ ટ્રેકર્સ ને લઈ જવામાં આવે છે. આ એક આખા રુટ ને પૂર્ણ થતાં ૧૦-૧૧ દિવસનો સમય લાગે છે. YHAI સંપૂર્ણ તૈયારીઓ સાથે ટ્રેક્સ ચલાવવા, સંભાળવા માટે કાબિલેદાદ છે. તેના દરેક ટ્રેક્સ ખૂબ જ ઝીણવટપૂર્વક, પૂર્ણ ચકાસણી સાથે તૈયાર

કરવામાં આવે છે અને પાછા ટ્રેકર્સના ખિસ્સા પર પણ ખોટો ભાર ન આવે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ ટ્રેક મનાલીમાં તેના નિર્ધારિત બેઈઝ થી ચાલુ કરવામાં આવે છે અને ધીમે ધીમે ટ્રેકનો આ રુટ ચઢાણ તરફ આગળ વધતો જાય છે. અમુક કિલોમીટરના ચઢાણ પછી એક કેમ્પ આવે જ્યાં રાતવાસો કરવાનો હોય છે. બીજે દિવસે ત્યાંથી નિકળી આગળના કેમ્પ સુધી પહોંચવાનું. આમ કરતાં કરતાં નક્કી કરેલા 'પાસ' ઓળગવાનું. 'પાસ' (સ્પોટ, જગ્યાનું નામ) સુધી પહોંચ્યા બાદ તેને વટાવી આગળ વધતા જાય છે. ધીમે ધીમે આ રુટ ઢોળાવ તરફ આગળ વધતા વધતા ફરી પાછા તેના તે જ નિર્ધારિત બેઈઝ સુધી પાછો ફરે છે. ટ્રેક દરમ્યાન આવતા દરેક કેમ્પમાં ટેન્ટમાં રહેવાની, બ્લેન્કૅટ્સ તથા સ્લીપીંગ બેગ, ચ્હા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા તૈયાર હોય છે.

**કઈ રીતે પહોંચશો :** મનાલી પહોંચવાના ઘણા રસ્તા છે. મનાલી પાસેનું મોટું શહેર એટલે ચંદીગઢ. ચંદીગઢથી રોડ દ્વારા મનાલી સુધી પહોંચવા ૭ થી ૮ કલાક લાગે છે.

**ટ્રેક કઈ રીતે નોંધાવશો (બુક કરશો - YHAI) :** YHAI 'મે' મહિનામાં જે ટ્રેકીંગ લઈ જાય છે તેનું બુકીંગ અગાઉથી છેક નવેમ્બર મહિનાથી શરૂ કરી દે છે. નિરાશ ન થવું હોય તો વેળાસર મોકાપર ચોક્કો મારી દેવો જોઈએ. આ ટ્રેકની ૧૧ દિવસની અંદાજીત ફી રૂા. ૬,૦૦૦/- છે. આટલા રૂપિયામાં ટ્રેકના પ્રથમ દિવસ (રિપોર્ટીંગ-નોંધણી આવી ગયાની હાજરી) થી લઈને ટ્રેક સમાપ્ત થાય ત્યાં સુધીનો બધો જ ખર્ચ ગણતરીમાં આવી જાય છે . પરંતુ ઘેરથી મનાલીના બેઈઝ સુધી પહોંચવાનો અને છેલ્લે ત્યાંથી ઘરે પાછા ફરવાનો ખર્ચ દરેક ટ્રેકરે પોતે જ કરવો પડે છે.

**ઉંમર બાબત :** ટ્રેક બધા માટે ખુલ્લો છે. જેની ઉંમર ૧૫ વર્ષથી વધુ હોય, મેડિકલી ફીટ હોય, કોઈપણ ઉંમરની વ્યક્તિ આમાં હોંશભેર ભાગ લઈ શકે છે. ટોચની (ઉપરની ઉંમરની) કોઈ વય મર્યાદા નથી,.

મનાલીમાં ઘણા બધા ટ્રેક રુટસ્ છે અને ઘણી બધી કંપનીઓ ટ્રેકીંગના પ્રોગ્રામ્સ ચલાવે છે. ગુગલ તમારો મિત્ર છે, પરંતુ YHAI સૌમાં બેસ્ટ છે, શ્રેષ્ઠ છે.

**❖ (૨) કુર્ગ - જંગલ ટ્રેક :** કુર્ગ પ્રદેશનો સમાવેશ કર્ણાટક રાજ્યમાં થાય છે, એવી રીતે જેમ કે ગુજરાતમાં આવતો સૌરાષ્ટ્ર પ્રદેશ તેમજ મહારાષ્ટ્રમાં આવતો કોંકણ પ્રદેશ. બરાબર આ રીતે કુર્ગ પ્રદેશ કર્ણાટકના વેસ્ટ-સેન્ટ્રલ (પશ્ચિમ-મધ્ય) વિસ્તારમાં આવેલું છે. અહીંના મોટાભાગના પ્રદેશમાં જંગલ પથરાયેલું છે. અહીં મોટા પ્રમાણમાં કૉફી તેમજ સ્પાઈસીઝ ના વાવેતર જોવા મળે છે.

YHAI કર્ણાટકના આ પ્રદેશમાં, દર વર્ષે નિયમિત ટ્રેક્સનું આયોજન કરે છે. અહીંનું જંગલ ખૂબ જ સુંદર અને વન-વગડાથી ઘેરાયેલું અને ગાઢ છે. અહીંના જંગલમાં 'હાથી' ની ખૂબ મોટી વસ્તી છે. આ ટ્રેક જંગલમાંથી અને જુદા જુદા ગામડા-ગામમાંથી પસાર થાય છે. આ ટ્રેક કુલ ૭ દિવસનો હોય છે.

**કઈ રીતે પહોંચશો :** કુર્ગ ટ્રેકનો પોતાનો બેઈઝ કેમ્પ જે શહેરમાં છે તેનું નામ છે 'મડીકેરી' (Madikeri) મડીકેરી રોડમાર્ગે મેંગ્લોર થી ૪ કલાક દૂર છે અને બેંગ્લોર થી ૮ કલાક દૂર છે.

**પાર્ટીસીપેટ (Participate) :** જે પાર્ટીસિપેન્ટને આ ટ્રેક જોઈન્ટ કરવો હોય તેણે YHAI નો સંપર્ક કરી (Unit - મડીકેરી) મડીકેરીમાં ટ્રેક શિડયુલ્સને જાણી લેવા જોઈએ. તેમની સૂચનાઓ પ્રમાણે બુકીંગ કરાવવાનું હોય છે. કોઈને પોતાની મેળે-જાતે ટ્રેકીંગ કરવું હોય તેણે અહીંના અનુભવી ટ્રેકર્સનો સંપર્ક કરવો જોઈએ.

**(૩) જેસલમેર : ડેઝર્ટ (રણ વિસ્તાર) ટ્રેક (રાજસ્થાન) :** જ્યારે આપણે કુદરતી સૌંદર્ય વિશે વિચારીએ છીએ ત્યારે મોટાભાગના માણસોના માનસ ચિત્રપટ પર બર્ફીલા પહાડો, લીલીછમ વનરાઈઓ, ગાઢ જંગલ, ઉછળતી-કૂદતી નદી વગેરે અંક્તિ થઈ જાય છે. કોઈપણ વ્યક્તિ રણને સુંદર જગ્યા-સ્થળ તરીકે નિહાળતું નથી. રણની પોતાની પણ એક આગવી સુંદરતા હોય છે. તેનો અનુભવ કરવા વ્યક્તિએ રાજસ્થાન સ્થિત જેસલમેર નો ટ્રેક રુટ પસંદ કરવો જોઈએ. તમે પોતે આંતરિક રીતે સુખદ આશ્ચર્ય અનુભવશો કે રણ પણ આટલા સુંદર હોય છે ! રણમાં શું જીંદગી હોય છે તેનો પણ અચૂક અનુભવ લેવો રહ્યો. શિયાળા દરમ્યાન YHAI જેસલમેર માટેના ૫-૭ દિવસના ટ્રેક્સ સંચાલિત કરે છે. આ એક ગોળાકાર ટ્રેક હોય છે, જેની શરૂઆત જેસલમેર થી થાય છે અને ફરી પાછા છેલ્લે જેસલમેર જ પહોંચાય છે. આમાં જ એક આખા દિવસની ઊંટની સવારી કરવાની અનન્ય તક આપે છે. ઊંટ પર સવારી કરવાનો એક રોમાંચ અલગ જ હોય છે. જો કે ઊંટ પરની સવારી એક વખત ચાલુ કર્યા પછી અનુભવ પરથી કહી શકાય કે બે-ચાર કલાકમાં જ ઊંટ પર બેસવા કરતાં સાથે સાથે પગપાળા ચાલવાનું વધુ પસંદ કરવામાં આવે છે ! રણની રાત્રિઓ હાડ ધ્રુજાવી દેનારી ભયંકર હોય છે. આ ભયંકર ઠંડી, રણની પોતાની વિશેષતાઓ, તેનું સૌંદર્ય માનવી માટેનું જીંદગીભર યાદગાર નજરાણું બની જાય છે.

**કેવી રેતી પહોંચશો :** જેસલમેર પહોંચવાના બે રસ્તા - ટ્રેન અને રોડ. ભારતના ઘણા બધા શહેરો જેસલમેર સાથે જોડાયેલા છે.

**પાર્ટીસીપેટ (Participate) :** તમે YHAI ના નેશનલ યુનિટ અથવા લોકલ યુનિટ નો સંપર્ક કરી શકો છો. તેઓના શિડયુલ્સ પ્રમાણે તમારે બુકીંગ નક્કી કરવાનું હોય છે.

**(૪) ભીમાશંકર : મોનસુન ટ્રેક - વરસાદી ટ્રેક :** સૌ કોઈનો ચહીતો ટ્રેક એટલે ભીમાશંકર મંદિર ટ્રેક. પૂનાની નજીક મહારાષ્ટ્રનો આ ટ્રેક. બધા જ ટ્રેકર્સ માં આ ટ્રેક ખૂબ જ પ્રખ્યાત છે. ખાસ તો મુંબઈગરા અને આસપાસમાં જ વસનારાઓ માટે. ભગવાન શિવજીના બાર જિયોતિર્લિંગમાંનું એક એટલે ભીમાશંકર અને તે પર્વતની ટોચ પર, પૂનાથી ૧૦૦ કિલોમીટરના અંતરે આવેલુ છે. અહીંના ટ્રેકીંગ રુટનો બેઈઝ એટલે કર્જત નજીક આવેલું ખાંડસ (Khandas) નામનું ગામ. ખાંડસથી ભીમાશંકરનો ટ્રેક શરૂ થાય છે. આ ટ્રેક પૂર્ણ થતા ૬-૭ કલાક જેટલો સમય લાગે છે. ખાંડસ થી શરૂ થતો અને પર્વતની ટોચ છેક ભીમાશંકર સુધી ખતમ થતો આ રુટ લીલીછમ વનરાઈઓ, વન-વગડા, જંગલ વચ્ચેથી પસાર થાય છે. વરસાદી મોસમમાં અહીંનું અનુપમ સૌંદર્ય અતિ મોહક, મનભાવન, દિલો-દિમાગને તરબતર કરી દેનારું હોય છે. ખાસ તો ચોમાસા દરમ્યાન આ ટ્રેક રુટ પસંદ કરવાનું કારણ ત્યાંના વોટર-ફોલ્સ, વરસાદી ઝરણાં છે. આ વરસાદી મોસમમાં હિન્દુ કેલેન્ડર મુજબ હિન્દુઓનો પવિત્ર મહિનો શ્રાવણ પણ આવે છે. ભોળાનાથ-મહાદેવના શિવભક્તો શ્રાવણના ચાર સોમવાર દરમ્યાન ભીમાશંકરના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ ટ્રેક લાંબો છે પરંતુ પૂર્ણ થઈ શકે તેવો, તેના માટે થોડી બોડી ફીટનેસ હોવી જરૂરી છે. આ રુટની સુંદરતા એટલે વિવિધતા ભરી જડીબુટ્ટીઓ, અનેક પ્રકારના ઘેઘુર વૃક્ષો, જાતજાતના ને ભાતભાતના પક્ષીઓ, પતંગિયાઓ જોવાનો સુર્વણ અવસર.

**કેવી રીતે પહોંચશો :** કર્જત સુધી ટ્રેનમાં જાવ. કર્જત સ્ટેશનથી ખાંડસ ગામ સુધી ST બસમાં જાવ.

અહીંથી તમારો ટ્રેક શરૂ થશે. બસ અને ટ્રેનનું સમયપત્રક જોઈને પ્લાન કરવો.

**પાર્ટીસીપેટ (Participate) :** આ ટ્રેકમાં જવા કોઈનો સંપર્ક કરવાની જરૂર નથી. આ ટ્રેકમાં જવાનો સારામાં સારો રસ્તો એટલે ટ્રેકીંગમાં રસ ધરાવનાર થોડા મિત્રો ભેગા થાય અને પોતાની મેળે જ આ માટેનો પ્લાન બનાવે. આ ટ્રેક માટેની સુંદર મોસમ એટલે ચોમાસું.

**❖ (૫) મુન્સીયારી : મિલામ ગ્લેશિયર નો ટ્રેક (ઉત્તરાખંડ) :** ઉત્તરાખંડના પૂર્વભાગમાં આવેલો કુમાઉ પ્રદેશનું મુન્સીયારી ગામ એટલે મોટરમાર્ગે પહોંચાતી સાવ છેલ્લી જગ્યા છે. બરફથી છવાયેલો, હિમાલયને ખોળે આવેલ સુંદર જગ્યા એટલે મુન્સીયારી ગામ. જે પર્વતારોહકો ને નંદાદેવી શિખરે પહોંચવાની તમન્ના છે, તેઓ એ સૌ પ્રથમ મુન્સીયારીથી નંદાદેવીની તળેટી સુધી પહોંચવું પડે છે. આ નંદાદેવીનું શિખર એટલે ભારતભરમાં આવેલા પર્વતોમાં ઉચ્ચામાં ઉચ્ચુ બીજા ક્રમાંકનું શિખર. આ માર્ગમાં એટલે કે મુન્સીયારીથી નંદાદેવી તળેટી પહોંચવાના માર્ગમાં જ વચ્ચે જ મોટું ગ્લેશિયર આવે છે, જે મિલામ ગ્લેશિયર તરીકે ઓળખાય છે. અહીં પહોંચવાનો જનરલ રુટ એટલે બેઈઝ તરીકે મુન્સીયારી થી શરૂઆત કરવી પડે અને મિલામ ગ્લેશિયર સુધી પહોંચતા ટ્રેકરને ૪-૫ દિવસ લાગે છે. YHAI આ ટ્રેકનું સંચાલન નથી કરતું. આ માટે ટ્રેકરે જાતે જ પોતાની સાથે પોતાના સુવાના તંબુ (Tent) અને ખાવા-પિવાની પૂરતી સગવડ રાખવી પડે છે. જે જતા અને આવતા (પાછા ફરતા) સુધી માટે પૂરતી હોય, બરાબર હોય. મુન્સાયારીમાં ભાડેથી પોર્ટર અને પીઠ્ઠુઓ મળી રહે છે. ખરેખર આ રુટ અતિ સુંદર છે. સાથે સાથે થોડો ટફ તો ગણાય જ. આમાં જનાર દરેક દૈનિક રીતે પોતાની ખાવા-પીવાની વસ્તુઓ તૈયાર કરવી, રાંધવી આ બધાનો સારો અનુભવ પ્રાપ્ત થાય છે. મુન્સીયારીમાં ચોક્કસ ક્યારે કેવું હવામાન રહેશે તે કહી શકાતું નથી. ત્યાં ઉનાળામાં રોજ બપોરે વરસાદ આવે છે. આ ટ્રેક ભારે બરફવર્ષા થવાને લીધે શિયાળામાં કરી શકાતો નથી.

**કઈ રીત પહોંચશો :** મુન્સીયારીની નજીકનું મોટું શહેર એટલે અલ્મોડા. અલ્મોડા પહોંચવા કાઠગોદામ થઈ જઈ શકાય નૈનીતાલ થઈને. નજીકનું રેલ્વે સ્ટેશન એટલે કાઠગોદામ.

**પાર્ટીસીપેટ (Participate) :** YHAI આ ટ્રેક સંચાલિત નથી કરતો. આમાં જાણકાર મિત્રોનો સાથ-સહકાર લઈને અથવા જે પ્રાઈવેટ ટ્રેક્સ લઈ જતા હોય તેમનો સંપર્ક કરી જઈ શકાય.

**ટ્રેકિંગ પર જતી વખતે અમુક તૈયારી કરવી જરૂરી છે.**

(૧) First Aid Kit (૨) ટોર્ચ (૩) કેપ (૪) સ્વેટર (ઠંડીવાળા પ્રદેશમાં જતા હો તો દા.ત. મનાલી) (૫) થાળી, વાટકો, ચમચી, મગ, પાણીની બોટલ (૬) બટર પેપર, Tissue Roll, પેપર સોપ (૭) ટ્રેકીંગ સુઝ, એક જોડી વધારાના ચપ્પલ (૮) સીવણનો સામાન.

ટ્રેકિંગ માટેની સંપૂર્ણ કીટ તે ઉપરાંત દરેક પ્રકારની રમત ગમતો માટેનાં કોસચ્યુમ્સ, શુઝ બધા જ પ્રકારના સાધનો માટેનો સુસજ્જ સ્ટોર એટલે Decathalon (ડી કેથલોન) છે. મુંબઈમાં વરલી, ઘાટકોપર, દહીંસર અને નવી મુંબઈમાં તેની બ્રાન્ચ છે. જે ટ્રેકિગવાળા માટે ખૂબ જ સુવિધાપૂર્ણ રહે છે.

તો તૈયાર થઈ જાવ મિત્રો, એક લટાર કુદરતના ખોળે આવવા. પ્રકૃતિને માણવા, એક નવા અનેરા અંદાજમાં ધરતીનો ખોળો ખૂંદવા. ગાડી, ઘોડા પરથી નીચે ઉતરી જ્યારે આવા સુંદર નિર્ણય અમલમાં મૂકાય

છે ત્યારે તે યુવાનમાં અદભૂત નૈસર્ગિક ગુણોનો વિકાસ થાય છે. યુવાન સ્વતંત્રપણે પોતાનું કામ કરવા તૈયાર થાય છે. સ્વાવલંબી બને છે. પોતાના વાસણ, કપડાં સાફ કરે છે. જીવનમાં ઓછામાં ઓછી વસ્તુઓ સાથે કેમ જીવાય તે શિખી જાય છે. ફાવશે, ભાવશે, ગમશે તેની પ્રકૃતિમાં વણાઈ જાય છે. હિંમત, મર્દાનગી, સ્વયંશિસ્ત, દૃઢતા, સભાનતા, જાગૃતતા, પડકાર કેમ ઝીલવા, મૈત્રીભાવ, દયાભાવ, વિવેક, સહનશિલતા, ગણતરી, તર્ક જેવા અનેકવિધ ગુણોનો સંપુટ તેના જીવનની સાચી મૂડી બને છે.

.......... પછી મળીશું, અમે ટ્રેકીંગમાં જઈએ છીએ, ગુડબાય.

(મારા મિત્ર રાજેન પારેખ, જે ટ્રેકીંગમાં અત્યંત રુચી ધરાવે છે અને ઘણા ટ્રેકસ્સ પૂર્ણ કર્યા છે તેણે ઉપયુક્ત લેખ માટે પૂરક માહિતી પ્રદાન કરી છે તે બદલ ધન્યવાદ.)

☆☆☆



# જ્યોતિપુંજ માટેની જાહેરાતના નવા ભાવ નીચે મુજબ

| પાના | માસિક રૂા. | વાર્ષિક રૂા. |
|---|---|---|
| આખું પાનું | ૧,૫૦૦ | ૧૦,૦૦૦ |
| અડધું પાનું | ૧,૦૦૦ | ૭,૦૦૦ |
| પા પાનું | ૭૦૦ | ૪,૦૦૦ |
| બીજું કલર કવર પેજ | ___ | ૨૧,૦૦૦ |
| ત્રીજું કલર કવર પેજ | ___ | ૨૧,૦૦૦ |
| છેલ્લું કલર કવર પેજ | ___ | ૨૫,૦૦૦ |

# એસ.એસ.સી. પછી શું ?

- તંત્રી મંડળ તરફથી

દરેક વિદ્યાર્થી તથા માતાપિતાને મુંઝવતો પ્રાણપ્રશ્ન

એસ.એસ.સી. માં ખૂબ મહેનત કરી વિદ્યાર્થી સારા માર્કર્સ લાવે છે. ત્યાર પછી શું ? આ બાબતમાં ઘણા દિશાવિહીન બની જાય છે. અંધારામાં ફાંફાં મારે છે. ઘણા વિદ્યાર્થીઓ નક્કી કરી શકતા નથી. ખરેખર આગળ તેઓએ કઈ લાઈન લેવી જોઈએ ? કયો અભ્યાસક્રમ અપનાવવો જોઈએ ?

તમારા બાળકને મદદ કરો.

બાળકના જીવન માટેનું સાચું ક્ષેત્ર પસંદ કરો.

પ્રોગ્રામેટીક્સ ઈન્સ્ટીટ્યુટના પ્રોફેસર અંકિત શ્રીમાનકર અને પ્રોફેસર પ્રતિક ઉપાધ્યાયે આ માટે બીડું ઝડપ્યું છે. આ માટે તેઓ દર વર્ષે સેમિનાર યોજે છે. કરિયર પસંદગી બાબત દરેકે દરેક વિદ્યાર્થીને અંગત રીતે તેના રસ, રુચી, આવડત પ્રમાણે સમજણ પૂરી પાડે છે. સાયન્સ માટે વિદ્યાર્થીને રીતસર કૉલેજની જેમ થોડા દિવસ ભણાવાય છે.

આ બધી જહેમત કર્યા પછી નક્કી થાય છે કે બાળકે કયા ક્ષેત્રમાં જવું, કયો કોર્સ કરવો, કઈ લાઈન લેવી.

બોરિવલીમાં વિદ્યાર્થીઓની ધમધોકાર પ્રવૃત્તિઓ ચલાવતા આ બંને પ્રોફેસરોએ સાચા અર્થમાં એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને સાવ મફતમાં ગાઈડ-લાઈન આપે છે. સાચો માર્ગ બતાવે છે.

તમે પણ સંપર્ક કરી શકો છો.

**સંપર્ક : ૯૧૭૨૨૪૧૮૯૮**

# જ્યોતિપુંજના મુગટમાં વધુ એક મોરપિચ્છ

બાલાસિનોરવાસીઓને સહર્ષ જણાવવાનું કે દિનપ્રતિદિન દરેક ક્ષેત્રમાં જે રીતે બદલાવ આવી રહ્યા છે, ફેરફાર આવી રહ્યા છે તે પ્રમાણે કદમ થી કદમ મિલાવવાના ઉમદા હેતુથી 'જ્યોતિપુંજ' પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે.

ગયા વર્ષે આપણે 'જ્યોતિપુંજ'ના પાનાની ગુણવત્તામાં બદલાવ લાવ્યા, સફેદ દૂધ જેવા ઉજળા પાનાવાળા 'જ્યોતિપુંજ'ને લોકોએ ખોબલે ખોબલે વધાવ્યું. હવે 'જ્યોતિપુંજ' રંગીનક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યું છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે વાંચકોના અભિપ્રાયને ધ્યાનમાં રાખીને શ્રી બાલાસિનોર નવયુવક સંઘના તમામ હોદ્દેદારો તથા તંત્રીમંડળના સભ્યોના સહકારથી આ મહિનાથી 'જ્યોતિપુંજ' ના ચાર કવર પેઈજ રંગીન છપાશે. સમાજનું આ મુખપત્ર હંમેશા સૌના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. મેઘધનુષી દુનિયામાં લઈ જવાનો આ નવતર પ્રયોગ આપ સૌને ગમશે તેવી આશા રાખીએ છીએ.

**મંત્રી** — **ભાવેશ મોદી**

**તંત્રી** — **બંકિમ પરીખ**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., Email : aydharia@gmail.com ને મ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૩, મોબાઈલ નંબર -૯૮૨૧૧૧૦૭૪૭/ ૯૮૩૩૮૬૭૬૦૧. મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## NOTICE OF 69th ANNUAL GENERAL MEETING

**Date : 21/4/2019**

To,
All Members,

Notice is here by given that 69th Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Saumil Jitendra Mody on Sunday 30th June, 2019 at 5.00 P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh BNS Office to transact following Businesses on the agenda.

# AGENDA FOR THE MEETING

1. **To read, confirm and approve the minutes of the 68th Annual General Meeting held on 24th June 2018.**
2. **To receive, consider and adopt the managing committee report for the year 2018-2019.**
3. **To receive, consider and adopt the audited accounts of the Sangh for the year ended 31st March 2019.**
4. **To appoint the Auditor for the year 2019 - 2020 and fix his remuneration.**
5. **To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution Scheme.**
6. **To Distribute the prizes of Shree Balasinor Navyuvak Sangh & Shri Daxeshbhai / Shri Minishbhai Kadakia (Kadakia Enterprises) Indoor Sports Activity.**
7. **Any other matter from the desk of President.**
8. **President Address.**

**NOTES**

1) If the meeting is adjourned for want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary- Bhavesh Bipin Modi (Thasrawala)**

# ચિત્તોડનો રાણો ને મીરાંબાઈ

✍ શ્રી પ્રશાંત પરીખ

ચિત્તોડના રાણાને પોતાની ભૂલ સમજાઈ, મીરાંબાઈના ગયા પછી ચિત્તોડની હાલત પણ ખરાબ થઈ ગઈ હતી. લોકો તો કહેતા કે મીરાંબાઈને હેરાન કરી તેનું આ ફળ છે. છેવટે રાણો હાથી, ઘોડા, પાલખી લઈને મીરાંબાઈને પાછાં ચિત્તોડ લઈ આવવા દ્વારકા ગયો ને મીરાંબાઈના પગમાં પડી કરગર્યો,'મને માફ કરો ને પાછાં ચિત્તોડ પધારો !'

મીરાંબાઈએ કહ્યું : 'મારા ગિરધરગોપાલની રજા મળે તો આવું !' ગિરધરગોપાલની રજા લેવા મીરાંબાઈ મંદિરમાં ગયા. આંખમાં અશ્રુ સાથે તેમણે પ્રાર્થના કરી :

**પ્રભુ, પાલવ પકડીને રહી છું પ્રેમથી રે**
**મારા છેલછબીલાં અંતરના આધાર**
**ઊભી અરજ કરે છે મીરાં રાંકડી રે -**
**મુજ દાસી તણાં દુઃખ સર્વે દૂર કરો રે,**
**શિશ નમાવું, મારા ગુરુને પ્રણામ !... ઊભી....**
**સાસરિયામાં સુખ નહિ, મહિયરમાં નહિ માન,**
**સુખદુઃખની મારી વાતડી ધરતું નથી કોઈ ધ્યાન !**
**હવે નથી રહેવું રાણાજીના રાજમાં રે**
**રાણો રોષે ભર્યો કૂડો કપટી રાય.. ઊભી....**
**રૂપાળા રણછોડજી, લળી લળી લાગું પાય,**
**રાણાઘેર જાવું નથી એવો કર્યો ઠરાવ !**
**હવે શણાગતની વ્હારે ચડજો વિઠ્ઠલા રે,**
**પ્રભુ, કૃપા કરી રાખો મીરાં ચરણ પાસ ! ઊભી....**

આજે ગિરધર ગોપાલના મુખ પર કોઈ જુદુ જ સ્મિત દેખાયું ! જે સ્મિત જોઈને ગોપીઓ ઘરબાર, સગાંવહાલાં, કામકાજ બધું છોડીને કૃષ્ણની પાસે દોડી જતી એ જ આ સ્મિત ! એ જ મધુર બંસીનાદ ! મીરાંબાઈ



પણ આજે ગોપીની પેઠે ભાન ભૂલી ગયાં. 'ગિરધર ગોપાલ મારા ગિરધર ગોપાલ ! કહી બેઉ હાથ પહોળા કરી તેઓ એને ભેટવા દોડયાં ! કૃષ્ણે પણ જાણે બે હાથ પહોળા કરી એમને પોતાના હૃદયમાં સમાવી દીધા. મીરાં અદૃશ્ય થઈ ગયા! ઈ.સ. ૧૫૪૭ તે વખતે મીરાંબાઈની ઉંમર માંડ પચાસ વર્ષના હશે.

ભારતના ઈતિહાસમાં મીરાંબાઈનું સ્થાન અદ્વિતીય છે. ભારતમાં તો શું આખા જગતમાં મીરાંબાઈના જેવી સ્ત્રી કોઈ થઈ નથી. હજારો વર્ષથી ચાલી આવતા જડ રૂઢિઓની સામે એ એકલ સ્ત્રી એ જે હિંમત બતાવી છે તે અદ્‌ભૂત છે.

મીરાંબાઈએ હિંદી, વ્રજ અને ગુજરાતી એમ ત્રણ ભાષામાં કાવ્ય રચ્યાં છે. ગુજરાતી ભાષાનાં તો તેઓ પહેલાં કવિયત્રી છે. આજે આ પાંચસો વર્ષે પણ એવી બીજી કવિયત્રી ગુજરાતમાં થઈ નથી. ★ ★ ★



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.

**૧) ગ્રુપ નં. - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (A-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરી મનગમતા રંગ પુરવા. જ્યોતિપુંજ માર્ચ ૨૦૧૯ના પાના નં. ૨૩ (ત્રેવીસ) પર દોરેલા ચિત્રોનો આધાર લઈ શકાશે. (વિષય નંબર - ૧, ૨, ૩ માટે)

**વિષય :** (૧) ફન એન્ડ ફેર (૨) મને ગમતા પક્ષીઓ (૩) માછલીઘર - માછલીઓની દુનિયામાં તરવું મને ગમે છે. (૪) હેન્ડ બેગ - થેલામાં ડિઝાઈન (૫) ભાઈ બહેન (૬) દીવા - લેમ્પ - લાઈટ

**૨) ગ્રુપ નં. - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (A-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરી મનગમતા રંગ પુરવા.

**વિષય :** (૧) માખણ ચોર - નંદ કિશોર (૨) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી (૩) પાઘડી/ ટોપી / ફેંટામાં ડિઝાઈન (૪) મહાસંગ્રામ - હવે તો યુધ્ધ એ જ કલ્યાણ (૫) જીમ્નેશ્યમનું દૃશ્ય (૬) મારી શાળા (સ્કૂલ)

**નિયમો :**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.

૨) ચિત્ર પર કંઈ જ લખવું નહિ. પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, બાળકનું આખું નામ, પિતાનું આખું નામ, ખીજ, ઉંમર, ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.

૩) વિગત લખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસિઝ, ૫૯, નંદભવન, રૂમ નં.-૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય : બપોરના ૧૧ થી સાંજના ૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૯ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપના પ્રથમ, દ્વિતિય, તૃતિય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રીમંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.




## સમર ફ્લાવર્સ

(૧) **ક્રાફ્ટ/હસ્તકામ :** તમારી પસંદની વસ્તુઓ બનાવો.
(૧) ફોટો ફ્રેઈમ (૨) ખુરશી ટેબલ (૩) શીપ/જહાજ
(૪) ડેકોરેટીવ કવર્સ (૫) બિલ્ડીંગ/એપાર્ટમેન્ટ (૬) લેમ્પ
(૭) વોલ પીસ (૮) મેંગો ટ્રી (૯) પેન-પેન્સીલ હૉલ્ડર
(૧૦) ફિંગર પપેટ

(૨) સાત દિવસનો ચાર્ટ બનાવો શું શું ખાધું/પીધું

| ખોરાક | સમય | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
|---|---|---|---|---|---|---|---|---|
| નાસ્તો (૧) | | | | | | | | |
| દિવસનું ભોજન | | | | | | | | |
| નાસ્તો (૨) | | | | | | | | |
| રાત્રિનું ભોજન | | | | | | | | |

(૩) તમારી પાસે રહેતી નોટબુકમાં ટેલિફોન નંબર તૈયાર રાખો, બધા નંબર મોઢે યાદ રાખવાની કોશિષ કરો.

તમારો ____________ મમ્મી ____________ પપ્પા ____________

પાડોશી ____________, ____________ મિત્ર ____________, ____________

ફેમિલી ડૉક્ટર ____________ સ્કૂલ ____________

બસ-ડ્રાઈવર ____________ પોલીસ ____________

ફાયર બ્રિગેડ ____________ એમ્બ્યુલન્સ ____________

કાકા ____________ મામા ____________ માસી ____________ ફઈ ____________

(૪) પક્ષીઓને પાણી પીવાની ગોળાકાર કુંડી તૈયાર કરી બાલ્કની/બારીમાં ટીંગાડો.
(૫) કાચની પારદર્શક સુંદર બોટલમાં લાઈટની સિરિઝ મૂકી ડેકોરેશન કરો.
(૬) કંપાઉન્ડમાં બે મોટા ઝાડ વચ્ચે, મજબૂત નાયલોનનું દોરડું લઈ તેમાં સ્કૂટર, મોટરના નકામા ટાયર લટકાવી દોરડું બાંધી દો. મિત્રો સાથે ટાયર પર લટકાઈ જઈ સરકવાનો આનંદ માણો.
(૭) સોસાયટીના ગાર્ડનમાં, રસ્તાની સાઈડ પર વરસાદ ખેંચી લાવે તેવા વૃક્ષના રોપા વાવો. (કડવો લીમડો, અશોક, ગુલમહોર, રેઈટન ટ્રી, વડ, પીપળો.)
(૮) જીવનના યાદગાર પ્રસંગ લખો, સાચવી રાખો.
(૯) નવા નવા શ્લોક, ગમતા ગીતનું રેકોર્ડીંગ કરો.
(૧૦) તમારી સોસાયટીના ગાર્ડનમાં મોટા પ્રમાણમાં ઘઉંના જવારા વાવો, આજુબાજુના એરિયાના પેશન્ટો તથા અન્યોને તેનો લાભ આપો.
(૧૧) જ્યોતિપુંજ વાંચતા શીખો.

# ભમરો

ભમરાને ફરવાની લાલચ, રખડે દિન આખો એ;
સાંજ પડે પણ ઘેર ન હોય, ભટકભટક કરતો એ.
વનમાં એક તળાવ મજાનું, સુંદર કમળ ખીલ્યાં'તાં,
એક ફૂલે જઈ ભમરો બેઠો, મધ લાગ્યો ચૂસવા ત્યાં.
સાંજ પડી અંધારું જામ્યું, ભમરો ગુલ જમવામાં,
ધીમે ધીમે ફૂલ બિડાયું, લોભી કેદ પડયો ત્યાં.
પાંખ સમારી પગ ખંખેરી, કરી છેવટ તૈયારી,
ઊડતાં શિર ભટક્યું નવ સૂઝી બહાર જવાની બારી.
અકળાયો, ગભરાયો, લાગ્યો પોક મૂકીને રડવા,
કોણ બહાર સૂણે ઉજ્જડમાં, કે દોડે છોડવવા.
છેવટે ધીર ધરીને બેઠો, 'રાત પૂરી થઈ જાશે
રવિ ઊગશે, ખૂલશે, ફૂલ પાછું, મુજથી ઝટ નીકળાશે.'
એમ વિચાર કરે ભમરો ત્યાં, હાથીનું ઝુંડ આવ્યું,
કમળવેલ જડમૂલથી તોડી, આવ્યું તેવું ચાલ્યું.

## પોપટ ભૂખ્યો નથી....

**મારી માને એટલું કહેજે :**

પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ સરોવરની પાળ,
પોપટ આંબાની ડાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ લીલા.... લહેર કરે
બેઠો મ.... જા કરે !

**બાળક એટલે ક્ષણે ક્ષણે વિકસતો જીવ. એની દૃષ્ટિ પ્રશ્નાત્મક છે. એનું હૃદય ઉદ્‌ગારાત્મક છે. એના વ્યાકરણમાં પ્રશ્ન અને ઉદ્‌ગાર છે, પણ પૂર્ણ વિરામ ક્યાંય નથી. બાળક એટલે તો મૂર્તિમંત ગતિ, અલ્પવિરામ પણ નહિ.**

# ગજેન્દ્રમોક્ષની કથા

**બાળકને વાર્તા વાંચી સંભળાવો, પ્રશ્નોના ઉત્તર સમજાવો.**

શુકદેવજી કહે, 'હે રાજા ! આજે હું આચાર-વિચાર શુદ્ધ હોવા વિશેની એક કથા તમને કહું છું તે તમે સાંભળો.'

'હે પરીક્ષિત ! ક્ષીરસમુદ્રની વચમાં ત્રિકૂટ પર્વતની તળેટીમાં એક સુંદર સરોવર હતું. વહેલી સવારે ભગવાનના ભક્તો, ઋષિઓ આ સરોવર કાંઠે સંધ્યા-પૂજા, સ્નાન વગેરે માટે આવે. દરરોજ ઢળતી સાંજે જંગલનો રાજા મદોન્મત હાથી તેની હાથણી અને બચ્ચાંઓ સાથે સરોવરમાં સ્નાન કરવા આવે. આજે જુવાન હાથીના લમણામાંથી મદ ઝરતો હતો. હાથી હાથણી અને પોતાનાં બચ્ચાં જોડે સ્નાન કરી સરોવરમાંથી બહાર નીકળ્યો. શરીર પર થોડો કચરો રહી જવા પામ્યો હોવાથી હાથી ફરી સરોવરમાં જળમાં ન્હાવા પડયો. તેનો એક પગ કાદવમાં ખૂંપી ગયો હોય એમ લાગ્યું. પગને બહાર કાઢવા ઘણી મહેનત કરી પણ વ્યર્થ. પગ જેમ બહાર ખેંચવા પ્રયત્ન કરે તેમ વધુને વધુ અંદર ખૂંપવા લાગ્યો. હાથણીએ હાથીને મદદ કરવા માંડી પણ મગર હાથીનો પગ ગળવા લાગ્યો હતો. જંગલના રાજાને આજે સમજાયું કે મિત્રો, પત્ની કે સગાંઓ પોતાના આવી રીતે ફસાયેલા પગને મગરમચ્છના મોઢામાંથી બચાવી શકે તેમ નથી. કિનારે ઊભા ઊભા લાચાર થઈ પોતાના રાજા કે સાથીની દયામણી દશા જોઈ રહ્યા છે. તેઓ બધા મદદ માટે કિકિયારીઓ કરે છે. હાથી પોતાની હતી તેટલી તાકાત લગાડી દુશ્મનના પંજામાંથી છૂટવા પ્રયત્ન કરતો હતો. આ યુદ્ધ પૂરાં એક હજાર વર્ષ સુધી ચાલ્યું. છેવટે ગજરાજને પોતાની શક્તિ તૂટવા લાગી છે, તેમ લાગ્યું ત્યારે પરમ શક્તિશાળી પરમેશ્વરને સહાય કરવા પ્રાર્થના કરવા લાગ્યો. જ્યાં સુધી પોતાની શક્તિ હતી ત્યાં સુધી

દુશ્મનના પંજામાંથી છૂટવા અથાગ પ્રયત્ન કર્યો. મુક્તિ માટે પોતાનાથી બનતા પ્રયત્નો કર્યા પછી દરેકને ઈશ્વરની મદદ માગવાનો અધિકાર છે. પુરૂષાર્થીની પ્રાર્થના પરમેશ્વરે સાંભળવી જ પડે છે. જ્યાં ત્રિકૂટ પર્વત પર સરોવરકાંઠે ગજ અને ગ્રાહ લડી રહ્યા હતા, ત્યાં ગજરાજની સહાય માટેની પ્રાર્થના સાંભળી એકાએક ઈશ્વર પ્રગટ થયા. પોતાના સુદર્શન ચક્ર વડે ગ્રાહના દેહને છેદી નાખ્યો. ગજરાજનો પગ ગ્રાહના જડબામાંથી છૂટી ગયો. તરત જ આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ગ્રાહના મૃતદેહમાંથી એક તેજપુરુષ બહાર આવ્યો. પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો. ભગવાને પૂછ્યું, 'તારી આ દશા કેમ ?' મગરમચ્છે કહ્યું,'હું ગંધર્વ હતો. મને રૂપનું અભિમાન હતું. એકવાર ૠષિનું અપમાન કરતાં મને શાપ આપ્યો, જા તું મગરમચ્છ થઈશ. મને મારી ભૂલ સમજાતાં મેં ૠષિની માફી માગી, કહ્યું,'મને એકવાર ક્ષમા કરો.' ૠષિએ કહ્યું, 'શાપ કદી મિથ્યા થતો નથી, પણ એક દિવસ હાથીને બચાવવા ખુદ ઈશ્વર આવશે અને તમારા બન્નેનો ઉદ્ધાર કરશે.'

'ગજેન્દ્રમોક્ષની કથા આપણે ત્યાં ખૂબ લોકપ્રિય રહી છે કારણ કે આ કથામાં સમાજના માનવીઓનાં મનની દશા છે. બીજું, ઉપર ઉપરથી સલામત લાગતાં જગતમાં અનેક ભયાનક તત્વો છુપાયેલાં છે. તે હકીકત આ કથામાં વર્ણવવામાં આવી છે. દરરોજ ગજરાજ એક જ જળાશયમાં પોતાના મિત્ર પરિવાર સાથે અનેક વખત સ્થાન વેળાએ આનંદ કરતો, પણ છેવટ સુધી ખબર નથી કે આ સરોવરમાં જ મારો દુશ્મન છુપાયેલો છે. સપાટી પર જે સલામતી દેખાય છે તે ભ્રામક છે. તેના પેટાળમાં મગરમચ્છ દુશમન છુપાયેલો છે. ત્રીજી વાત કે માણસને મૃત્યુ નજીક આવતું દેખાય ત્યારે જ જીવનની કિંમત સમજાય છે. ગજરાજ પોતાનો પગ પકડાતાં તરત જાગૃત થઈ જાય છે. પોતાની બધી શક્તિ વાપરી ગ્રાહની સામે લડે છે. છેવટે થાકીને ઈશ્વરની સહાય માગે છે અને તેને મળે પણ છે. ચોથી વાત કે અંત સમયે સ્વજનો, મિત્રો આંસુ સારવાં કે આશ્વાસન આપવા સિવાય આપણે માટે કશું જ કરી શકતાં નથી. અંત સમયે માનવીએ પોતે એકલા જ લડવાનું છે. હિંમત હાર્યા વિના પ્રભુની પ્રાર્થના કરીએ તો માનવીની પ્રાર્થના પ્રભુ જરૂર સાંભળે છે. ☆☆☆

**નીચે આપેલા સવાલના જવાબ બાળકને સમજાવો**

(૧) આ વાર્તામાં આવતા પ્રાણીઓના નામ કહો.

(૨) રોજ સાંજે સરોવરમાં સ્નાન કરવા કોણ આવતું હતું. ?

(૩) પગ ફસાઈ ગયા પછી જંગલના રાજાને શું સમજાયું ?

(૪) ગજરાજની પ્રાર્થનાની શું અસર થઈ ?

(૫) ૠષિ અને મગરમચ્છ વચ્ચેનો વાર્તાલાપ કહો.

**ખાલી જગ્યા પૂરો**

(૧) ઉપર ઉપરથી સલામત લાગતાં જગતમાં અનેક __________ તત્ત્વો છુપાયેલાં છે.

(૨) માણસને મૃત્યુ નજીક આવતું દેખાય ત્યારે જ __________ ની કિંમત સમજાય છે.

(૩) __________ હાર્યા વિના પ્રભુની પ્રાર્થના કરીએ તો, માનવીની __________ પ્રભુ જરૂર સાંભળે છે.

(૪) હાથી પોતાની હતી તેટલી તાકાત લગાડી __________ ના પંજામાંથી છૂટવા પ્રયત્ન કરતો હતો.

(૫) પરમ શક્તિશાળી પરમેશ્વરને __________ કરવા પ્રાર્થના કરવા લાગ્યો.

# -: કુળદેવી શ્રી સર્વમંગલા માતા:-

## સર્વમંગલા પાઠ

રક્ષ રક્ષ જગન્માતા દેવી મંગલ ચંડીકે ।
હરીકે વિપદામાં રાક્ષી હરસ મંગલકારીકે ।।૧।।
હર્ષ મંગલ દક્ષેય હર્ષ મંગલ દાયી ।
શુભ મંગલ દક્ષેય શુભ મંગલ ચંડીકે ।।૨।।
મંગલે મંગલા હૈયે સર્વ મંગલ માંગલેય ।
સદા મંગલા દેવી સર્વે શ્યામ માંગલેય ।।૩।।
પૂજ્યે મંગલ કારેય મંગલા ભિષ્ટ દેવતૈ ।
પૂજ્યે મંગલ ભૂપસય મનુ વંશા સુમુદભવ ।।૪।।
મંગલા ભિષ્ટ ત્રિવેદી મંગલા નામચ મંગલે ।
સંસાર મંગલા ધારે મોક્ષ મંગલ દાયીની ।।૫।।
સારયે મંગલા ધારેય મંગલા સર્વ કર્મના ।
પ્રતિ મંગલ વારેય પૂજ્ય મંગલ સુખપ્રદા ।।૬।।
પદમાસને સ્થિતે દેવી પરબ્રહ્મ સ્વરુપિણી ।
પરમેશિ જગન્માત : સર્વ મંગલા નમોસ્તુતે ।।૭।।

## સર્વમંગલા વિનંતી


તું કરતી સર્વેનું કલ્યાણ, રે મા સર્વમંગલા,
તું' થી સદા સુમંગલ વર્તાય, રે મા સર્વમંગલા ।।૧।।
તું જ ધરતી, તું... વિધાત્રી, રે મા સર્વમંગલા,
ઈષ્ટ શામળાની જોડીદાર, રે મા સર્વમંગલા ।।૨।।
બ્રહ્મ ઉદુમ્બરની કુળદેવી, રે મા સર્વમંગલા,
નીમા, વણિકની કુળદેવી માત, રે મા સર્વમંગલા ।।૩।।
તિર્થ શામળાજી તારું ક્યાં સ્થાન, રે મા સર્વમંગલા,
તને શોધે તારાં સર્વે બાળ, રે મા સર્વમંગલા ।।૪।।
હવે પ્રગટ સ્વરૂપે દો પ્રમાણ, રે મા સર્વમંગલા,
તારા દર્શનને ટળવળે આ લાલ, રે મા સર્વમંગલા ।।૫।।
શા માટે તરછોડયાં તવ દુલાર, રે મા સર્વમંગલા,
એ તો બાળક બુદ્ધિ કહેવાય, રે મા સર્વમંગલા ।।૬।।
ક્ષમા કરજો થયો જો અપરાધ, રે મા સર્વમંગલા,
કોઈ માતા-કુમાતા નવ થાય, રે મા સર્વમંગલા ।।૭।।
'અશોક' વનમાં એક તારો જ આધાર, રે મા સર્વમંગલા,
કલિકાળના તું પાપથી ઉગાર, રે મા સર્વમંગલા ।।૮।।

---

# શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની ૫૪૨મીપ્રાકટ્ય ઉત્સવની હાર્દિક વધાઈ


✍ નિમીષા કડકીઆ

'ભક્તિ માર્ગાબ્જમાર્તણ્ડઃ' જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિસંપ્રદાયના આદર્શ ગુરુ હતા.



શ્રી સૂરદાસજી નીચેના પદમાં ગુરુ મહિમા કહે છે;

**'गुरू बिना ऐसी कौन करे ?**
**माला तिलक मनोहर बानो कौ सिर छत्र धरे ।।**
**'सूरश्याम गुरू ऐसो समरथ छिनमे ले उद्घरे ।**



## મહાપ્રભુજીની વધાઈના કિર્તન

**રાગ : રાયસો**

દ્વિજકુલ પ્રકટે શ્રી હરી સુંદરતાકી રાસ ।
પરમ પુનિત એકાદશી ધન્ય ધન્ય માઘો માસ ।।૧।।
લગ્ન નક્ષત્ર શોધ કે બેઠે દ્વિજવર આય ।
શ્રી લક્ષ્મણભટ્ટ મનમોહસોં દિનિ બહુ વિધિ ગાય ।।૨।।
ફૂલે દ્રુમ ઓર વેલી ફૂલી સરસ બનરાય ।
નિજજન ફૂલે નિરખતે રહસિ બધાય ગાય ।।૩।।

**રાગ : સારંગ**

કલિમે જીવન વલ્લભ પ્રકટે !
ગતિ ન હુતી જે કહું અધમનકી
અબ સબ પાપ કટે ।।૧।।
કરીજો કૃપા ધરકેં કર મસ્તક કીને અપને દાસ ।
યે સાક્ષાત પુરણ પુરૂષોત્તમ દાસ
રસિક ભલી આસ ।।૨।।

# ધર્મમાં શ્રદ્ધા રાખતા યુવાનોની મુંઝવણો ?

✍ શ્રી કિરીટ ધારીઆ

ધર્મ ક્યારેય આઉટ ઓફ ફેશન થતો નથી. ધર્મ સાથે જોડાયેલાં આધ્યાત્મ અને તત્વજ્ઞાન આઉટ ન થતા સ્વરૂપ બદલાઈ શકે. જમાના પ્રમાણે એના વિષેની સમજણના વ્યાપમાં વધઘટ થાય અને ઈતિહાસમાં ઉમેરાતા જતા, એનાં વિશ્લેષણમાં પરિવર્તન આવતું રહે, પણ પાયાની વાત એની એ જ રહે છે.

એક એજન્સીએ ભારતના યુવાનોમાં એક સર્વે કર્યો હતો જેનાં તારણો : (૧) ૩૦ થી ઓછી ઉંમરની વ્યક્તિઓ ભગવાનમાં માને છે ? કેટલા ધાર્મિક છો ? (૨) ધર્મસ્થાનકોમાં કેટલું જવાનું થાય ? (૩) તમારા મા-બાપ જેટલાં જ તમે ધાર્મિક છો ? ધાર્મિક કથા સાંભળવા કે ભજન કીર્તન ધર્મથી પૂરેપૂરી વિમૂખ થઈ નથી ગઈ, ધાર્મિક બાબતોમાં લગભગ એટલો જ રસ છે જેટલો એમને પોતાના અભ્યાસ કારકિર્દી કે સોશ્યલ મીડીયામાં છે. વધુ સંતોષકારક પણ કોઈક આઘાતજનક પણ લાગે ?

ધર્મમાં નવી પેઢીને રસ પડી રહ્યો છે, પણ એ રસને પોષવા દુનિયા તરફથી એમને ક્યા વિકલ્પો મળી રહ્યા છે ? એમની નૈસર્ગિક, મુગ્ધ અને કાચી ધર્મપ્રિયતાને પોષી શકે એવાં ધર્મગુરૂઓ કેટલા ? વાડરિયા પ્રવાહમાં ભળવા માટે અને વાળી દેવાની કોશિષ અને ધર્મનું પ્રદુષિત વાતાવરણ ચોખ્ખું બનાવવાનું કોના માથે ?

યુવાનોની મૌલિ વિચારપ્રક્રિયાને, સંપ્રદાયની અને જૂથવાદમાં બંધાઈ જવાની સંકુચિતત ? આ જ્ઞાન મેળવવા માણસે પોતાની સ્વતંત્ર બુદ્ધિ શક્તિથી ખોજ કરવી પડે માટે જ્ઞાન મેળવવું પડે. આ શોધને અધૂરી મૂકીને અંધશ્રધ્ધાળું બની શકે ?

યુવા પેઢી ધર્મ તરફ વળે છે ? જીવનમાં સતત અસલામતીનો અહેસાસ, જીંદગીથી અસંતોષ, સાથી મિત્રો, દોસ્તો તરફથી દબાણ, સમાજમાં ઘટતી જતી નીતિમત્તાને કારણે બેચેની, માબાપ તરફથી માર્ગદર્શનનો અભાવ, ભવિષ્ય વિશેની અચોક્કસતા, સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવાની અક્ષમતા અને એકલવાયા હોવાની લાગણી.

આપણા ધર્મ અને માનવધર્મ વિશે આપણે વધુ જાણીએ અને ધર્મ દ્વારા જીંદગીને વધુ માણીએ. દરેક હિન્દુ યુવાને માનવધર્મ અને પોતાના ધર્મ વિશે બને એટલી વધુ જાણકારી મેળવવી પડે, ગાંધીજીએ જેને મહાસાગરની ઉપમા આપી છે એવા હિન્દુ ધર્મના રત્નાકરમાંથી ખોળો જળની આચમની લેવી પડે, આ પ્રેરણાને વેગ આપવા પ્રતિક્રમાની બીજી આવૃતી લખવા પ્રેરીત થઈ તમારી સામે મૂકવાનો મારો નમ્ર પ્રયાસ છે. દરેક વિષયને સંક્ષિપ્તમાં અને સમજાય તેવી આશા સાથે દરેક વાંચકને મારો સપ્રેમ આભાર. જીંદરી એટલે હર હાલતમાં ખુશી અને પ્યાર બાટતે ચલો જીવન. સાથે પોતાની ધર્મમાં અતૂટ રસ હોય તો તેનાથી ઉત્તમ કાંઈ જ નથી. હૃદયની ગહનતા અને જીવનની મહત્વની બાબતોમાં આપણે એકલા જ હોઈએ છીએ, સ્વર્ગ એટલે આપણો સ્વભાવ, સારા બાળકો સાથે સહાવહાલાં સાંપડયા. પ્રભુને ધન્યાવાદ કે કપરા દિવસો સ્વસ્થતાથી વિતાવી બાળકોનો વિચાર કરી જે વનની કાળામાં કાળી ક્ષણો પસાર કરી, દ્રઢ વિશ્વાસ અને સકારાત્મકતાં જાળવીને સમય ખીલી ઊઠે છે. સોનેરી પ્રભાત નસીબના કર્મોને ક્ષમા યાચના માગતાં માગતાં જીવનનું કેન્દ્ર આપણે જ છીએ અને બીજો કોઈ નથી. તેમજ આપણા ગુણધર્મો અનુસાર મેળવીએ છીએ

કારણ બધું એક સાથે કોઈને મળતું નથી. જેમ જેમ માણસ તે ધન, દૌલત, શાન અને શોહરત મળે, તેની સાથે મનની શાંતિ ગુમાવવાનું અનુભવાય છે. સુખ તેમજ દુઃખ બંનેમાં તણાવ ના અનુભવવા આધ્યાત્મિક અને ધાર્મિક જ્ઞાન ન મેળવીએ તો અંદરખાને તોડી નાખે તે યોગ્ય નથી.

ભાવનાનો સાર એ છે કે અન્ય તરફ નહીં, પણ પોતાના પર દ્રષ્ટિ રાખવાની છે. પોતાના અંતઃકરણ તપાસતા રહેવાનું છે. મોહ અને આસક્તિને દૂર કરીને પરગ્રહી બનવાનું છે. ધીરે ધીરે બધી ભાવનાઓને જીવનનાં બંધનોને તોડી પરમાત્મા તરફનો માર્ગ ચીંધાય છે. આધ્યાત્મિકતા શીખવે છે.

ખાઈએ શું ?..........ગમ

પીએ શું ?............તામસ (ક્રોધ)

રાખીએ શું ?......... સ્વસ્થ શરીર અને ધર્મ

ત્યાગીએ શું ?........સાંસારીક જીવન યોગી રૂપે કુકર્મો

જીવીએ શું ?..........ટ્રસ્ટી તરીકે..... મમત્વતા છોડીને

આપીએ શું ?.........ક્ષમા-માનવધર્મ ફરજ

માનવજીવનનું સરવૈયું એટલે વૃધ્ધાવસ્થા. કેટલાં ચોમાસાં, કેટલી દિવાળી અને કેટલી હોળી જોયા પછી હ્રદયથી જવાન રહો. ઘડપણમાં ત્રણેય અવસ્થાની ફિલ્મ દેખાય છે. સૌ એ સમય સાથે ભળી જવું પડે છે અને સંજોગો સાથે ચાલવું પડે છે. જીવન કેટલું જીવ્યા, કરતા કેવું જીવ્યા અગત્યનું છે. આકૃતિમાં માનવ હોવા છતાં પ્રકૃતિમાં જનાવરના લક્ષઓના ઘેટાં, ભેંસ, ગધેડા તેમજ વાનર જેવાં લક્ષણો ન પરવડે. સત્કર્મોને કરી તેનું પુણ્ય ભોગવવું જરૂરી છે જેથી દુષ્કર્મોનાં ફળ-ચોર્યાસી લાખ યોનીમાં રખડવાનું ટાળી, ઈચ્છવું કે આ જન્મ-મરણની સાયકલ ચાલુ ન રાખવી.

★ ★ ★ ★ ★



# કૃષ્ણ અને રુકમણીનાં લગ્નની યાદગાર કુમકુમ પત્રિકા

✍ શ્રી તુષાર કડકીઆ

માધવપુરમાં દર વર્ષે ચૈત્ર સુદ નોમના દિવસથી તેરસ સુધી ભવ્ય મેળો યોજાય છે.

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના પોરબંદરથી અગ્નિ ખૂણે માત્ર છત્રીસ માઈલ દૂર આવેલ માધવપુર ગામ પુરાણ પ્રસિદ્ધ છે. આ ગામ નાનું છે પરંતુ સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાનું ધામ છે. સૌરાષ્ટ્રમાં દર વર્ષે ત્રણ મેળા ખૂબ જ લોકપ્રિય છે. (૧) સંતો, મહંતો, જોગીઓનો મેળો - ભવનાથનો મેળો (૨) જુવાનીયાઓનો તરણેતર ગામે ભરાતો ત્રિ-નેત્રેશ્વર મહાદેવનો તરણેતરનો મેળો (૩) ખુમારી છલકાવતો માધવપુર (ઘેડ) નો મેળો.

શ્રીકૃષ્ણ ભગવાનના કુંદનપુરની રુકિમણી સાથે લગ્ન થયા હતા જેથી તે પ્રસંગના સ્મરણમાં આ મેળો યોજાય છે. અહીં ભગવાન કૃષ્ણ માધવરાયનું અર્વાચીન મંદિર દરિયા કિનારે આવેલ છે. ત્યાંથી ચૈત્ર સુદ નોમની રાત્રે નવ વાગ્યે શ્રીકૃષ્ણનું પહેલું ફૂલેકું નીકળે છે. શ્રીકૃષ્ણની રવાડી (પાલખી) આગળ ઢોલ-શરણાઈવાળા હોય છે. પાછળ સેંકડો બહેનો લગ્નગીતો ગાય છે. ફૂલેકું બ્રહ્મકુંડ પાસેના પાંડવ મંદિર જાય છે ને રાતે બાર વાગ્યે ફરી મંદિરમાં આવી જાય છે. આજ રીતે ચૈત્ર સુદ દશમ ને અગિયારસના રોજ બીજું તથા ત્રીજું ફૂલેકું નીકળે છે. અગિયારસની રાત્રે મેળો રંગ જમાવતો ને વધુ ભવ્ય બનાવતો જાય છે. મેળામાં આવતા લોકોનું મંદિર તરફથી સુંદર સુસ્વાગત કરવામાં આવે છે. અબીલ, ગુલાલ ઉડાડતા લોકો ફરે ને મેળાને માણે છે. બપોરે ત્રણ વાગે જાનનું સામૈયું કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ શણગારેલા રથમાં વરરાજા બનીને બેસે છે. જાનની આગળના ભાગમાં ઢોલ, શરણાઈ, પીપુડી વગાડતા લોકો હોય છે. આ રીતે લોકોને ભગવાન શ્રીકૃષ્ણ-રુકિમણીના વિવાહ માણવાનો અનેરો અવસર મળે છે.

આ મેળામાં યોજાતા શ્રીકૃષ્ણ-રુકિમણીના વિવાહ માણવા વિવિધ લોકો જોડાય છે. ગામે ગામથી લોકો આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ-રુકિમણીના લગ્ન પ્રસંગે માણસના જેવી જ લગ્નવિધિ કરવા માટે આમંત્રિત કરવા માટે લગ્નની કંકોત્રી પણ છપાવાય છે નેભાવિકોને મોકલવામાં આવે છે.

## કુમકુમપત્રિકા

**ભગવાનશ્રી માધવરાયજી તથા ત્રિકમરાયજીના**
**દિવ્ય સાન્નિધ્યમાં બિરાજતા શ્રી વાસુદેવ તથા**
**દેવકીજી (જશોદા) ના સુપુત્ર**

**'જગતપિતા ભગવાન શ્રીકૃષ્ણ'**

**લીલી નાઘેર એવા રૂપેણવનમાં બિરાજતા**
**રાજા ભીષ્મકજી તથા રાણી શુદ્ધમતીની સુપુત્રી**

**'દેવીશ્રી રુકિમણી'**

**સાથે સંવત ૨૦૫૨ના ચૈત્ર સુદ બારસ, તા. ૩૧-૩-૧૯૯૬ના** રોજ લગ્નગ્રંથીથી જોડાશે. તો આ અલૌક્કિ આનંદને ઉલ્લાસના રૂડા સોનેરી અવસરે સર્વ ધર્મપ્રેમી લોકોને પધારવા શ્રી માધવરાયજી મંદિર ટ્રસ્ટ તરફથી સ્નેહભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**આ રૂડા અવસરની પ્રસંગમાળા**

**ચૈત્ર સુદ રામનવમી, તા. ૨૮-૩-૧૯૯૬**ના રોજ રૂડા માંડવડા રોપાશે ને ચૈત્ર સુદ ૧૦-૧૧, તા. ૨૮ માર્ચથી ૩૦ મી માર્ચ સુધી રાત્રીના નવ કલાકે ફૂલેકું ચડશે.

**ચૈત્ર સુદ બારસ તા. ૩૧-૩-૧૯૯૬** ના રોજ બપોરના ૪ કલાકે મલપતી **'જાન'** રૂપેણવન તરફ શુભ પ્રયાણ કરશે ને રાત્રીના નવ કલાકે હસ્તમેળાપ થશે.

**ચૈત્ર સુદ ૧૩, તા. ૧-૪-૧૯૯૬**ના રોજ **'જાન'** પરણીને બપોરના ૩ વાગ્યે નિજ મંદિરે પધારશે. ☆☆

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
### સૌજન્ય
## શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ)

# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનમાં નોટબુક આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૩૦-૫-૨૦૧૯ સુધી સંસ્થાની ઓફીસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને આપી જવા.

આ અંગે નવા અરજીપત્રકો સંસ્થાની ઓફીસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૯-૬-૨૦૧૯ ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર, બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૦૦
(દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.)

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીટા
### સૌજન્ય

# કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષ આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુક વેંચાણ હાથ ધરેલ છે.

A-4 સાઈઝ બુકનું વેચાણ તા. ૨-૬-૨૦૧૯ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળેથી હાથ ધરાશે અને નોટબુક હશે ત્યાં સુધી મળશે.

**શહેર વિભાગ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ : ફોન : ૨૩૮૭૦૦૬, સમય : સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૮.૦૦ થી ૧૧.૦૦, બુધવાર ઓફિસ બંધ રહેશે.

**ઉપનગર વિભાગ**

૧) અજય પ્રવિણચંદ્ર દોશી - અંધેરી
૨) કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) - કાંદીવલી
૩) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) - બોરીવલી

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટ નકલ અથવા હૉલ ટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુક આપવામાં નહી આવે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર



**– મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક તા. ૨૮-૩-૨૦૧૯ના રોજ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ રૂમ (પ્રગતિ સમાજ)ની ઓફીસ ખાતે પ્રમુખશ્રી સૌમીલ મોદીના નેજા હેઠળ મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દાઓ રજુ થયા હતા.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી તેજસ શાહ તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) પુરસ્કૃત શ્રી નટવરલાલ મોદી (જનસાથી) આયોજીત બીએનએસ જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) આયોજીત બીએનએસ લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) તથા શ્રી રૂપીનભાઈ પુનમચંદ કડકીઆ (બેરા) આયોજીત બીએનએસ લાલખા બેરા ટી-૨૦ ટ્રોફીના સંયોજક શ્રી રીપલ પરીખે તેમનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો, તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ / શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરિક રમત ગમતના સંયોજક શ્રી કીંજલ પરીખ (મુંબઈ વિભાગ) તથા શ્રી સન્ની ગાંધી (ઉપનગર વિભાગ) તેમનો હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત વસ્તી પત્રકના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆ અનઉપસ્થિત હોવાથી તેની ચર્ચા આવતી મીટીંગમાં કરવામાં આવશે.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મીલ કડકીઆએ એમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મનોજભાઈ/શ્રી અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટ બુક યોજના તથા શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) તથા સહ દાતા શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ) ના સંયોજક શ્રી સંજય શાહે તેમનો ગત વર્ષનો હિસાબ તથા અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કર્યો હતો. તથા આ વર્ષના સંયોજક શ્રી દર્શન પરીખે તેમનો અહેવાલ રજુ કર્યો હતો તથા જણાવ્યું હતુ ત્રણ ક્વોટેશન આપ્યા હતા અને હોદ્દેદારો સાથે મળી તેની ચકાસણી કરી લેવાની સત્તા સમિતીએ આપેલ હતી.

જ્યોતિપુંજના તંત્રી શ્રી બંકિમ પરીખે તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પિટલ સહાય યોજના, શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ્ય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર સ્કીમ, ઉજસ અનીશ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય પાસ સર્જરી સ્કીમ, શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ સ્કીમ તથા શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી સ્કીમ ના સંયોજક શ્રી મનોજ પરીખે તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક

યોજના શ્રી મનોજભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ મેડીકલ તથા એન્જીનીયરીંગ ટેક્ષ બુક સ્કીમ, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) તથા પરિવાર પોસ્ટ ગ્રેજ્યુએશન બુક સ્કીમ, શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી), ધોરણ IX થી ગ્રેજ્યુએશન ટેક્ષ બુક સ્કીમ તથા માતુશ્રી મણીબેન અને પિતાશ્રી વલ્લભદાસ ગાંધી (માનીકોષી) પ્રોફેશનલ ટેક્ષ બુક સ્કીમ

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એજ્યુકેશન યોજનાના સંયોજક શ્રી પ્રશાંત પરીખે તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

કુલ ૪ લીવની અરજીઓ આવી હતી. તેમના નામ શ્રી કીંજલ પરીખ, શ્રી અલ્પેશ ધારીઆ, શ્રી કલ્પેશ ધારીઆ, શ્રી જીગર કડકીઆ તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી – ભાવેશ બિપીન મોદી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

- શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પિટલ સહાય યોજના
- શ્રીમતી કમળાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાયપાસ સર્જરી
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયલીસીસ
- શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) - ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૧૯-૨૦૨૦) હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્ય નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવે. (ફોર્મ વિગતવાર ભરીને મોકલવું)

**શ્રી મનોજ રસીકલાલ પરીખ - મયુર ટ્રેડીંગ કોર્પોરેશન,** ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. ફોન - ૨૩૪૨૮૭૮૫

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી**

**સંયોજક** — **શ્રી મનોજ રસીકલાલ પરીખ**

---

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી)

### પુરસ્કૃત

## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં ઉર્ત્તીણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે.

જેમાં KG ધોરણ ૧ થી ૯, S.S.C, HSC, B.Com., B.Sec, B.A., BDV, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પુરૂ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૨-૬-૨૦૧૯ સુધીમાં સંસ્થાની ઓફીસે આપી જવા વિનંતી.

ઈનામોનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે. **મંત્રી - ભાવેશ બીપીન મોદી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૧૪-૩-૨૦૧૯ ને ગુરૂવારના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો.

સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખે તમામ દાતાશ્રીઓનો અને આમંત્રિતશ્રીઓનો સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના વિકાસમાં યથાયોગ્ય ફાળો આપવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ નવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરની સવિસ્તાર માહિતી રજૂ કરી હતી. તેમજ અતિથિ વિશેષ શ્રી કિરણભાઈ બી. ઝવેરી (આઈ.એ.એસ., ડી.ડી.ઓ. વડોદરા જીલ્લો) નો સવિસ્તાર પરિચય આપેલો.

સંસ્થાના પાયાના અને સંનિષ્ઠ કાર્યકર મુ.શ્રી રસિકકાકા (દેવ) એ આપણી હોસ્પિટલની સ્થાપનાથી માંડીને આજદીન સુધીનો આછો ખ્યાલ અને આર્થિક ચિતાર રજૂ કરેલો અને સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે હાજર સર્વે દાતાશ્રીઓ તેમજ નગજનોને યથાશક્તિ દાન માટે જાહેર અપીલ કરેલી.

સંસ્થાના સ્થાનિક મંત્રીશ્રી રજનીકાંત ઓ. શાહે હોસ્પિટલની તેમજ સુપર સ્પેશ્યાલીટી સેન્ટરની છેલ્લા ૧૧ માસની કામગીરીની આંકડાકીય માહિતીનો ચિતાર રજૂ કરેલો.

આ સમારંભના મુખ્ય મહેમાન પદેથી શ્રી શશીકાંતભાઈ મોહનલાલ ધારીઆ (કુણીવાલા) એ સમારંભને અનુરૂપ લાગણી સભર પ્રાસંગિક પ્રવચન કરેલું. તેમજ અતિથિ વિશેષ પદેથી મા. શ્રી કિરણભાઈ બી.ઝવેરી (આઈ.એ.એસ., ડી.ડી.ઓ. વડોદરા) એ આ સમારંભમાં આમંત્રિત કરવા બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો અને સમારંભને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કરેલું.

માનનીય ડૉ. નરેશભાઈ વેદ (એમ.એ.પી.એચ.ડી.) આ સમારંભમાં આર્શીવચન આપવા પધારેલા. આ સંસ્થામાં બને તેટલું વધુ દાન આરોગ્ય ક્ષેત્રે ગરીબ તેમજ મધ્યમવર્ગના દર્દીઓના સેવા યજ્ઞમાં વપરાય છે. દાનવીરો તેમજ દાતાશ્રીઓને આપણી આ સંસ્થામાં વધુને વધુ દાન કરવાની પણ જાહેર અપીલ કરેલી. આ સંસ્થાના ટ્રસ્ટી અને સક્રીય મેડીકલ ક્ષેત્રે કારકીર્દી ધરાવતા એમ. ડી.મેડીસીન ફીજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધીએ પણ પ્રાસંગિક પ્રવચન કરેલું. તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ આ નવી હોસ્પિટલની ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે.

આ પ્રસંગે મા. શ્રી રાજેશભાઈ પાઠક (ચેરમેનશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિગમ) પણ ખાસ હાજર રહેલા અને તેઓએ પણ પ્રાસંગિક પ્રવચન કરેલું.

**આ પ્રસંગે ટ્રસ્ટને નીચે મુજબના વધુ દાન/વચન મળેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી નયનાબેન જીતેન્દ્રભાઈ શાહ (વસનજી) હ. શ્રી જગદીશભાઈ કીર્તનલાલ શાહ (વસનજી) (૧૪ નંગ હાઈડ્રોલકી બેડ માટે) (૯૬૦૦ ડોલર) | ૬૬૧૬૮૬/- |
| ૨. | સ્વ. નટવરલાલ એમ. પરીખ (માછલી) હ. શ્રી ભરતભાઈ | ૨૦૦૦૦૦/- |
| ૩. | એક અનામી દાતા | :૧૫૦૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૪. | શ્રી મહેશભાઈ ચીમનલાલ કડકીઆ (બનડા) | ૫૦૦૦૦/- |

**સેમી ડીલક્ષ રૂમમાંથી સુપર ડીલક્ષ રૂમના નામકરણ માટે નીચે મુજબના દાતાશ્રીઓના દાન/વચન મળેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી., બાલાસિનોર હ. શ્રી મનોજભાઈ પટેલ (બળવા) (ચેરમેનશ્રી) | ૨૦૦૦૦૦/- |
| ૨. | સ્વ. શકુંતલાબેન સુરેન્દ્ર ગાંધી હ. શ્રી અનીશ ગાંધી | ૨૦૦૦૦૦/- |
| ૩. | શ્રી કૌશિકભાઈ શાંતિલાલ શાહ (ચોકસી) | ૨૦૦૦૦૦/- |
| ૪. | સ્વ. નર્મદાબેન ચીમનલાલ મોદી હ. શ્રી નવીનચંદ્ર સી. શાહ | ૨૦૦૦૦૦/- |
| ૫. | સ્વ. ચીમનલાલ નાથજીભાઈ મોદી હ. શ્રી નવીનચંદ્ર સી. શાહ | ૨૦૦૦૦૦/- |

**'ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજના' માં વધુ નોંધાયેલ દાન**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી તરૂલતાબેન કિરીટભાઈ મોદી (દેવ) (૪૫ મિતિ) | ૫૦૦૦૦૦/- |
| ૨. | સ્વ. કમળાબેન મોહનલાલ ધારીએ ચેરીટેબલ ટ્રસ્ટ હ. પ્રફુલભાઈ ધારીઆ (૩૦ મિતિ) | ૩૩૦૦૦૦/- |
| ૩. | શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (૯ મિતિ) | ૧૦૦૦૦૦/- |
| ૪. | શ્રી અનામી દાતા ( ૯ મિતિ) | ૧૦૦૦૦૦/- |
| ૫. | શ્રી ઉપેન્દ્રભાઈ શાહ (રોલેક્ષ વાલ્વ) (આણંદ) (૯ મિતિ) | ૧૦૦૦૦૦/- |
| ૬. | શ્રી પ્રકાશભાઈ ઓચ્છવલાલ કચેરીઆ (૯ મિતિ) | ૧૦૦૦૦૦/- |
| ૭. | શ્રી રાજેન્દ્રભાઈ કીર્તનલાલ દેસાઈ (લાટવાળા) (૮ મિતિ) | ૮૮૦૦૦/- |
| ૮. | શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીઆ (૫ મિતિ) | ૫૫૦૦૦/- |
| ૯. | શ્રી કિરણભાઈ બી. ઝવેરી (૫ મિતિ) | ૫૫૦૦૦/- |
| ૧૦. | ડૉ. કમલેશ નવટરલાલ પરીખ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૧૧. | શ્રી દિપક નવનીતલાલ શાહ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૧૨. | શ્રીમતી નેહા તન્મય દેસાઈ (૧ મિતિ) | ૧૧૦૦૦/- |
| ૧૩. | શ્રી કિર્તી હિરાલાલ કડકીઆ ( ૪ મિતિ) | ૪૪૦૦૦/- |
| ૧૪. | એક અનામી દાતા (હ. સૌમિલભાઈ બીપીનભાઈ ગાંધી( (૪ મિતિ) | ૪૪૦૦૦/- |
| ૧૫. | શ્રી રાજુલ મોહનલાલ પરીખ (લાય) (૪ મિતિ) | ૪૪૦૦૦/- |
| ૧૬. | શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (૪ મિતિ) | ૪૪૦૦૦/- |
| ૧૭. | શ્રી પ્રકાશભાઈ અરૂણભાઈ ધારીઆ હ. શ્રી પરેશભાઈ પરીખ (૧ મિતિ) | ૧૧૦૦૦/- |
| ૧૮. | શ્રી જયવીર અંકીત પરીખ (૧ મિતિ) | ૧૧૦૦૦/- |
| ૧૯. | શ્રી પંકજ કીર્તનલાલ ગાંધી (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૦. | શ્રીમતી કોકીલાબેન રસિકલાલ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ (હેમાબેન, શીલ્પાબેન) (૩ મિતિ) | ૩૩૦૦૦/ |
| ૨૧. | શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૨. | શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૩. | શ્રી વિપિનચંદ્ર ઓચ્છવલાલ મોદી (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૪. | શ્રીમતી તન્વી ગૌરાંગ પરીખ હ. શ્રી બિપીનભાઈ ગાંધી (૨ મિતિ) | ૨૨૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૫. | સ્વ. નવટરલાલ સી. પરીખ (વોરા) હ. શ્રી નવીનચંદ્ર સી. શાહ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૬. | શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી (૪ મિતિ) | ૪૪૦૦૦/- |
| ૨૭. | શ્રી હિતેન્દ્ર ચીમનલાલ પરીખ (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૮. | શ્રી સુજીત નટવરલાલ કડકીઆ (પુના) (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૨૯. | શ્રી નરેશભાઈ વેદ (આણંદ) (૨ મિતિ) | ૨૨૦૦૦/- |
| ૩૦. | શ્રી રવજીભાઈ બેચરભાઈ પટેલ | ૧૧૦૦૦/- |
| ૩૧. | સ્વ. મંજુલાબેન પુનમચંદ ધારીઆ (બલબલ) | ૧૧૦૦૦/- |
| ૩૨. | શ્રી જીતેન્દ્ર કીર્તનલાલ શાહ (વસનજી) | ૧૧૦૦૦/- |
| ૩૩. | શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી) | ૧૧૦૦૦/- |
| ૩૪. | શ્રી રતનબા નર્સીંગ સ્કુલ, વીરપુર હ. શ્રી ચતુરભાઈ પી. માયાવંશી | ૧૧૦૦૦/- |
| ૩૫. | શ્રી પરેશભાઈ કચરાભાઈ દોશી | ૧૧૦૦૦/- |
| ૩૬. | શ્રીમતી ઈન્દિરા હર્ષદભાઈ દેસાઈ (ઓસ્ટ્રેલીયા) | ૧૧૦૦૦/- |
| ૩૭. | શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ (ચાવાળા) | ૧૧૦૦૦/- |
| ૩૮. | સ્વ. પૂનમચંદ સાંકરલાલ મોદી હ. ડૉ. રજતભાઈ મોદી | ૧૧૦૦૦/- |
| ૩૯. | શ્રી અશોકકુમાર બાબુલાલ શાહ | ૧૧૦૦૦/- |

કુલ ૨૭૫ મિતિ નોંધાયેલ છે. ૧૦૦૦ મિતીનો સંકલ્પ પૂર્ણ કરવા દાતાશ્રીઓને આહવાન છે.

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ – માનદ્ મંત્રીઓ**

---

## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

### અનુકરણીય દાન/વચન

સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :

| ક. | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | વેરસાલાઈટ હાઈટેક લાઈટિંગ પ્રા.લિ. ઓચ્છવલાલ પી. કચેરીયા (વરખા) | ૨,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી કોકીલાબેન મધુસુદન ભિખાલાલ કડકિયા (ફાડીયા) | ૧,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રીમતી છાયાબેન અશ્વિન ધારિયા હસ્તે શ્રી અશ્વિન કાંતીલાલ ધારિયા | ૨૫,૦૦૦/- |
| ૪. | શ્રીમતી કુસુમબેન ગોકલદાસ ગાંધી | ૧૨,૫૦૦/- |
| ૫. | શ્રી ગોકલદાસ ઓચ્છવલાલ ગાંધી | ૧૨,૫૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

કારોબારી સમિતિ વતિ **જસ્મિન બીપીન શેઠ, ધર્મેશ જયંતીલાલ શાહ – માનદ્ મંત્રીઓ**

# તણાવ મુક્ત રહો
## અલ્લડ, નટખટ કિશોરકુમારના ગીત લલકારો !

૧) ઈક લડકી ભીગી ભાગી સી,
સોતી રાતો મેં જાગી સી,
મિલી ઈક અજનબી સે,
કોઈ આગે ન પીછે,
તુમ્હી કહો યે કોઈ બાત હૈ

૨) જય જય શિવ શંકર, કાંટા લગે ન કંકર
કિ પ્યાલા તેરે નામ કા પિયા

૩) છોડ દો આંચલ જમાના ક્યાં કહેગા
ઈન અદાઓં કા જમાના ભી હૈ દિવાના

૪) માય નેમ ઈઝ એન્થની ગોલ્સલ્વીસ, રાઈટ
મૈ દુનિયા મેં અકેલા હું
દિલ ભી હૈ ખાલી ઘર ભી હૈ ખાલી
જિસમેં રહેગી કોઈ હિમ્મત વાલી.

૫) મેરે સપનોં કી રાની કબ આયેગી તૂ
આઈ રુત મસ્તાની કબ આયેગી તૂ
બીતી જાયે જિન્દગાની કબ આયેગી તૂ
ચલી આ તૂ ચલી આ.

૬) દિલ કો દેખો ચહેરા ન દેખો
ચહેરોં ને લાખો કો લૂટા
દિલ સચ્ચા ઔર ચહેરા જૂઠા.....

# દેહમાં સર્વોત્તમ અંગો ક્યાં ?

સ્વામીનું પ્રવચન શરૂ થાય તે પહેલાં પ્રશ્નો પૂછવાની પ્રથા હતી. એક જિજ્ઞાસુએ પૂછ્યું : 'આ દેહ મળ્યો છે તેને અમૂલ્ય સમજી ઉત્તમ કર્મો કરી લેવાનું આપે કહ્યું : તો એ કહો કે આ દેહમાં સર્વોત્તમ અંગો કયાં ?'

**'જીભ અને હૃદય'** સ્વામીજીએ કહ્યું,

'અને હલકાં અંગો ?'

**'જીભ અને હૃદય'**

સ્વામીજીએ ફરી એનો એ જ ઉત્તર દીધો.

જિજ્ઞાસુ નવાઈ પામ્યા : 'જે અંગોને આપે હમણાં જ ઉત્તમ કહ્યાં તેને જ આપ અધમ પણ કહો છો. ?'

સ્વામીજીએ કહ્યું : 'એમ જ છે; જીભ સત્ય અને મધુર વાણી વદે તો અમૃત મળે અને અસત્ય અને કઠોર વાણી કાઢે તો ઝેર મળે. એમ, હૃદય પણ સદ્ભાવ રાખે તો ઉત્તમ અને વેરઝેર દુર્ભાવ રાખે તો અધમ.'

# પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ રજનીકાંત મણિલાલ શાહ | ૮૯ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## ડૉક્ટર, ડાયાલીસીસનો ખર્ચ કેટલો થશે ?
## વધુમાં વધુ રૂા. ૧,૨૫૦/- ઓછામાં ઓછો રૂા. ૧/-

મહાભંયકર રોગના ભરડામાં સપડાઈને માણસ શરીર અને પૈસાથી રોજ રોજ ઘસાતો જાય છે.

રોટરી કલબ ઓફ કાંદિવલી એ આ માટે ૧૨ મશીનની વ્યવસ્થા રમાબેન શાહ ડાયાલીસીસ સેન્ટર ખાતે હાલમાં કરી છે. ત્યાં આગળ પેશન્ટની સ્થિતિ પ્રમાણે રૂા. ૧ થી રૂા. ૧,૨૫૦ વચ્ચે ફી (ચાર્જીસ) લેવામાં આવે છે. બીજે ડાયાલીસીસ નો ખર્ચ રૂા. ૨,૨૦૦/- થી રૂા. ૩,૬૦૦/- જેટલો થઈ શકે છે.

**સારવાર માટે પેશન્ટને લઈ જવા સરનામું નીચે મુજબ છે**

**રશ્મિ શીલા, પહેલે માળે, બેંક ઑફ બરોડા પાસે, દત્ત મંદિર રોડ, દહાણુકરવાડી, મહાવીર નગર, કાંદિવલી (વે) મુંબઈ -૬૭**